Azadi Ka Amrit Mahotsav

ACPDC

એડમિશન કમિટિ ફોર પ્રોફેશનલ ડિપ્લોમા કોર્સિસ

The Admission Commiitee for Professional Diploma Courses (GUJARAT STATE)

No. ACPDC/ 2022/547 Date : 21 SEP 2022

# અખબારી યાદી

મેમ્બર સેક્રેટરી ACPDC ની અખબાર યાદી જણાવે છે કે ધો.10 પછીના ડિપ્લોમા ઈજનેરીનાં પ્રથમ વર્ષમાં પ્રવેશ પ્રકિયા વર્ષ 2022-23 અંતર્ગત બેઠક ફાળવણીનો બીજો રાઉન્ડ(રીશફલીંગ રાઉન્ડ) તા: 21/09/2022 ના રોજ પૂર્ણ થયેલ છે.

- બે રાઉન્ડ બાદ સરકારી/ અનુદાનિત સંસ્થાની અને સ્વનિર્ભર સંસ્થાની ઉપલબ્ધ બેઠકો, ભરાયેલ બેઠકો અને ખાલી રહેલ બેઠકો અંગેની વિગત નીચે મુજબ છે.

| સંસ્થાનો પ્રકાર | ઉપલબ્ધ બેઠકો | ભરાયેલ બેઠકો | ખાલી બેઠકો |
|---|---|---|---|
| સરકારી તેમજ અનુદાનિત | 22252 | 14990 | 7262 |
| સ્વનિર્ભર તેમજ પીપીપી | 37493 | 9564 | 27929 |

- સરકારી/અનુદાનિતની ખાલી રહેલ બેઠકો માટે નિયમ-20 હેઠળની જોગવાઇ મુજબ પ્રવેશની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.
- અગાઉ રજીસ્ટ્રેશન કરાવેલ ન હોય તેમજ વર્ષ ૨૦૨૨ ની ધોરણ-૧૦ ની પૂરક પરીક્ષામાં પાસ થયેલા હોય તેવા ઉમેદવારો પૈકી લાયકી ઉમેદવારો માટે રજીસ્ટ્રેશની કાર્યવાહી તા: 22/09/2022 થી તા: 26/09/2022 દરમ્યાન કરવાની રહેશે. અગાઉ રજીસ્ટ્રેશન કરાવેલ અને મેરીટમાં સમાવિષ્ટ ઉમેદવારોએ ફરીથી રજીસ્ટ્રેશન કરવાની જરૂરીયાત નથી. પરંતુ તેઓએ રાઉન્ડ-3 માં ભાગ લેવા સંમતિ આપવી જરૂરી છે.
- પ્રથમ વર્ષ ડિપ્લોમામાં પ્રવેશ ઇચ્છુક ITI/TEB ના ઉમેદવારોએ જો આ કાર્યક્રમમાં ભાગ લેવો હોય તો ધો.10 પ્રમાણે જ રજીસ્ટ્રેશન કરાવવાનુ રહેશે.
- અગાઉ રજીસ્ટ્રેશન કરાવેલ હોય તેની રાઉન્ડ 1 અને રાઉન્ડ 2 માં ભરેલ પસંદગી રદ ગણવામાં આવશે જેથી આ કાર્યક્રમમાં ભાગ લેનાર તમામ ઉમેદવારોએ સંમતિ આપીને નવેસરથી સંસ્થાની પસંદગી તા: 29/09/2022 થી તા: 01/10/2022 દરમ્યાન કરવાની રહેશે.
- રાઉન્ડ-3 નુ રીઝલ્ટ (સંસ્થા ફાળવણી) તા: 04/10/2022 નાં રોજ જાહેર કરવામાં આવશે.
- રાઉન્ડ-3 માં ફાળવવામાં આવેલ પ્રવેશ કાયમ કરવા તા: 04/10/2022 થી તા: 06/10/2022 દરમિયાન ઓનલાઇન ફી ભરવાની રહેશે.
- જો આ કાર્યક્રમમાં પ્રવેશ ફાળવણી થશે તો અગાઉનો પ્રવેશ આપોઆપ રદ થશે જે ધ્યાને લેવુ અને આ કાર્યક્રમમાં પ્રવેશ ફાળવણી નહિ થાય તો અગાઉનો કાયમ કરેલ પ્રવેશ ચાલુ રહેશે.
- સ્વનિર્ભર સંસ્થાઓ ખાતે ખાલી રહેલ બેઠકો ની વિગત સમિતિ ની અધિકૃત વેબસાઈટ www.acpdc.co.in અને https://gujdiploma.admissions.nic.in/ પર ઉપલબ્ધ છે. તેમાં પ્રવેશ મેળવવા ઈચ્છુક ઉમેદવારોએ જે તે સ્વનિર્ભર સંસ્થાનો સીધો સંપર્ક કરવાનો રહેશે.

A.C.P.D.C. Ahmedabad

મેમ્બર સેક્રેટરી

બીજો માળ, એસીપીસી બિલ્ડીંગ, એલ.ડી. કોલેજ ઓફ એન્જી. કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૧૫
2nd Floor, ACPC Building, L. D. College of Engineering Campus, Navrangpura, Ahmedabad-380015.
Phone : 079-26305516,29700114 | Gmail : acpdcoffice@gmail.com | Website : www.acpdc.co.in